Center for Chemical Process Safety
An AIChE Technology Alliance
www.aiche.org/ccps

Process Safety Beacon
http://www.aiche.org/CCPS/Publications/Beacon/index.aspx
ઉત્પાદન પ્રક્રિયામાં સંકળાયેલા વ્યક્તિઓ માટે સંદેશો

This issue sponsored by
DEKRA
On the safe side.
www.dekra.us/process-safety

# એક નાનકડો શબ્દ પણ ઘણો બધો શક્તિશાળી - પુછો

ફેબ્રુઆરી -૨૦૨૦

"હું વિચારૂ છું કે આ સાચો વાલ્વ છે - કદાચ મારે મારા સિનિયર ઓપરેટરને પુછવું જોઇએ. ના પણ તે વ્યસ્ત લાગે છે, પણ હું ચોકકસ છું કે આ સાચો વાલ્વ જ છે ".

"હું ચોકકસ છું કે આ ગણતરી સાચી છે, પણ જો હું પુછું તો મુર્ખ ગણાઈશ. હું આ ગણતરી સાથે જ જઈશ."

" આ ઈન્સ્ટ્રુમેન્ટ ઉપર લખેલો આઈડી વાંચવો અઘરો છે. આ જ ખરેખર સાચો છે. હું આને જ કેલીબ્રેશન માટે લઈ જઈશ. પેનલ ઓપરેટર મને કહેશે, જો આ ખોટું હશે તો."




આપણે જે વિચારીએ છીએ અને જે જાણીએ છીએ એ બંને વચ્ચે શું તફાવત છે ? - અરે ઘણો બધો !! આપણે જે કરીએ છીએ એ આપણા અનુભવ (સારો અથવા ખરાબ)પરથી અને આપણને શું યાદ આવે છે તે ઉપર આધારીત છે. એનો મતલબ એ છે કે આપણા પગલાં ખોટા હોઈ શકે તેમાં વાજબી અવકાશ છે. જાણવું એટલે એવા માર્ગે ચાલવું કે જે સચોટ માહિતી અને કાર્યવાહી ને તથા યોગ્ય વિચાર ના આધારે સાચું હોવાનું નક્કી કરવામાં આવ્યું છે, નહી કે ધારણાં અને અનુમાન ઉપર. કામકરીને ગડબડ, ઢોળાવું અથવા તેનાથી પણ વધારે ખરાબ થાય તેના કરતાં કાર્યવાહીને વિલંબિત કરવી એ વધારે યોગ્ય છે.

એક વાલ્વના સમારકામ દરમિયાન આઈસોબ્યુટેન ફેલાયો જેનાથી થયેલ આગનો અહેવાલ સીએસબી (અહેવાલ નં. ૨૦૧૬-૦૨-આઈ-એલએ, અને વિડીઓ)માં છે. તે વાલ્વની ચોકકસ કામગીરી ઓપરેટર જાણતો ન હતો અને તેના સંભવિત જોખમને તેણે ધ્યાનમાં ન લીધાં. ઓપરેટર જાણતો ન હતો.

## શું તમે જાણો છો ?

- રસાયણની કામગીરી કરવા કામ દરમિયાન ખુબ જ શિસ્ત જાળવવી જરૂરી હોય છે – દરેક વખતે સાચું કરવું સાચી રીતે.
- કારખાના ઓ કોમ્પ્યુટરાઈઝડ આધારિત કંટ્રોલ પ્રણાલી માં પરીવર્તીત થયા છે. પરંતુ તેને કારણે એ વધારે અગત્યનું છે કે માણસો જાણે કે તેઓ જે કરી રહ્યા છે તે સાચું છે.
- એ મહત્વનું નથી કે તમે કયું કામ કરો છો, પણ તેને યોગ્ય રીતે કરવું જરૂરી છે. અમુક ભુલો તરત જ પરખાઈ જતી હોય છે અમુક નહિ. જો ભુલ ઓછી સ્પષ્ટ છે અથવા તેના તાત્કાલીક કોઈ પરિણામો નથી , તો તેને અવલોકન દ્વારા અથવા પ્રક્રિયા વિચલન દ્વારા શોધી કાઢવામાં થોડો સમય લાગી શકે છે.

## તમે શું કરી શકો ?

- જો તમે જાણતાં નથી, અને તમને શંકા છે, તો પુછો ! અકસ્માત સર્જવા કારણભુત થવું એ કરતાં મુર્ખ દેખાવું એ ઓછો દોષ છે. તમે જે પ્રશ્નો પુછશો તેનાથી બીજાઓને તાલીમની સમીક્ષા અથવા પુનઃમુલ્યાંકનમાં લાભ થશે.
- તમારી નોકરી સાથે સંકળાયેલી બધી કાર્યપધ્ધિતિ વિશે તમારી જાતને માહિતગાર રાખો અને તેનું પાલન કરો. તમને આમાં કોઈ વિરોધાભાસ જણાય, તો ઉપરનો પહેલો મુદો યાદ કરો.
- તમે જયારે ખોટા હોઈ શકો એ બીજા તમને અંગુલીદર્શન કરીને સલાહ આપે ત્યારે તેને માન આપો – તે એક મદદ છે, અપમાન નથી. અને તમે જયારે બીજાઓને ભુલ કરતાં જુઓ ત્યારે તેમને પુછો કે તેઓ કામ સાચી રીતે તો કરી રહ્યા છે ને.

***તમે જે સવાલ પુછતાં નથી એ એકમાત્ર " મુર્ખતા પુર્ણ " કાર્ય છે.***

©AIChE 2020. All rights reserved. Reproduction for non-commercial, educational purposes is encouraged. However, reproduction for any commercial purpose without express written consent of AIChE is strictly prohibited. Contact us at ccps_beacon@aiche.org or 646-495-1371.

The Beacon is usually available in Afrikaans, Arabic, Catalan, Chinese, Czech, Danish, Dutch, English, Filipino, French, German, Greek, Gujarati, Hebrew, Hindi, Hungarian, Indonesian, Italian, Japanese, Korean, Malay, Marathi, Mongolian, Persian (Farsi), Polish, Portuguese, Romanian, Russian, Spanish, Swedish, Telugu, Thai, Turkish, Urdu, and Vietnamese.